મુખપત્ર

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી.નં. એ. ૩૩૫૨/અમદાવાદ



શ્રી મહાલક્ષ્મી તીર્થધામ, શહેરા



**શ્રી મહાલક્ષ્મ્યૈ નમઃ**

મધવાસ, જિ. મહીસાગર

## *With Best Compliments from*

**D h w a n i l** B.Tech. (**Mechanical - IIT**), M.S. (Aerospace) Georgia Tech-USA, Studying Ph.D., (Aerospace) Georgia Tech-USA **S**

**V a t s a l y a** B.E. (Chemical), M.S. Environment Science, USA **H**

**A** **U**

**P a n k a j** B.E. (Textile) **K**

**A** **L**

**R e k h a** B.Com. **A**

श्री महालक्ष्म्यै नमः    उतिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत    श्री महालक्ष्मी प्रसन्नाऽस्तु

"જાગો, ઉઠો, વિરમો નહિ, સાધ્યો આશય ના જ્યાં સુધી"

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત,** રજી નં. A/3352, Ahmedabad

# શ્રીગૌડ જાગૃતિ



## મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી કમલેશ એસ. પાઠક, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ - ૨૦૧૯

**મંત્રીઓ**
શ્રી જયંત જોષી
મો. ૯૬૦૧૯૯૫૫૬૭
શ્રી યોગેશ શુક્લ
મો. ૯૮૨૪૦૫૮૭૯૯

**ખજાનચી**
શ્રી પ્રવીણ પુરોહિત
મો. ૯૮૨૪૩૫૮૨૯૭

**તંત્રી**
મિનલ શુક્લ
મો. ૯૫૩૭૯૩૫૬૬૫

**સંપાદક**
શ્રી રાજેશ પંડ્યા
મો. ૯૯૯૮૭૧૬૫૭૭

**તંત્રી મંડળ**
પ્રિ.ડો. બંસીધર ઉપાધ્યાય
મો. ૯૮૨૪૪૦૬૩૮૧
શ્રી જિજ્ઞેશ પંડિત
મો. ૯૦૯૯૦૨૯૦૭૯
શ્રી વિપુલ વી. દવે
મો. ૯૪૨૬૦૪૭૨૪૮
શ્રી નિરવ પી. દવે
મો. ૯૯૨૫૧૦૩૧૧૪

## અનુક્રમણિકા

| ક્રમ | વિષય | પાન નં. |
|---|---|---|
| ૧ | તંત્રી સ્થાનેથી | ૪ |
| ૨ | પૂર્વ પ્રમુખશ્રીના આશીર્વચનો | ૫-૬ |
| ૩ | નવા વરાયેલ પ્રમુખશ્રીની કલમે | ૭-૮ |
| ૪ | સારસ્વત સન્માન સમારોહ | ૮ |
| ૫ | ફોર્મ | ૯ |
| ૬ | માળી બનીએ, વાલી નહી | ૧૦-૧૨ |
| ૭ | યોગ અને આરોગ્ય | ૧૩ |
| ૮ | મંગલ મંદિર ખોલો દયામય | ૧૪ |
| ૯ | શ્રદ્ધાસુમન | ૧૪ |
| ૧૦ | હૃદયાંજલિ | ૧૫ |
| ૧૧ | સમાચાર સંચય | ૧૬-૧૭ |
| ૧૨ | જાહેરાતના દર | ૧૭ |
| ૧૩. | કાવ્ય - નારીશક્તિ | ૧૭ |
| ૧૪. | ફ્રી સેમીનાર ઓન કેરિયર ગાઈડ લાઈન્સ | ૧૮ |

તંત્રી સ્થાનેથી...



પૂજ્ય વડિલો, આદરણીય મિત્રો-સખીઓ અને ઉર્જાસભર યુવા સાથીઓ...

સાદર નમસ્તે!

આ વર્ષે રચાયેલ સમાજના કાર્યવાહક મંડળના એક વિભાગ-સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના મુખપત્ર શ્રીગૌડ જાગૃતિ ના તંત્રી પદ માટે મારી વરણી કરવામાં આવી છે. આ માટે આપ સૌનો હૃદયપૂર્વક આભાર માનુ છું.

આપણું 'મુખપત્ર' આપણને સૌને જોડતી કડી છે. આ Share અને Forwad નો જમાનો છે. જેના કારણે, દૂર સુદૂર રહેતા શ્રીબંધુઓ સાથે જોડાયેલા રહેવાય છે. આ પરંપરા આપણે સૌએ જાળવી રાખવાની છે અને એનો વ્યાપ પણ વધારતા રહેવાનો છે.

આપણા પૂર્વ પ્રમુખ પૂજ્ય **ડૉ.પ્રિ.બંસીધર ઉપાધ્યાયના** નેતૃત્વમાં થયેલા સમાજલક્ષી કાર્યો અને એનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ માટેના એમના અવિરત પ્રયત્નો અંગે માહિતગાર થતા રહ્યા છીએ. આપણને હંમેશા તેમનું માર્ગદર્શન મળતુ રહે છે અને મળતુ રહેશે, એતો તેમના તરફથી સતત મળતા સહકારથી વિદિત થાય જ છે.

આપણા નવા વરાયેલા **પ્રમુખ શ્રી કમલેશભાઈ પાઠકના** પદ સંભાળતા જ સમાજના સર્વાંગી વિકાસને દરેક શ્રીબંધુના લાભાર્થે વધુ વેગવંતો બનાવવાના સકારાત્મક અને પરિણામલક્ષી પ્રયત્નો થી આપણા સૌનો ઉત્સાહ બેવડાય તે સ્વભાવિક છે.

આપણા સમાજમાં વ્યવસ્થા પદ્ધતિના ભાગરૂપે પદ અને જવાબદારી નું સરળતાપૂર્વક વહન થાય તે રીતે કાર્યો નક્કી થતા હોય છે. પરંતુ આપણા સમસ્ત શ્રીગૌડ સમાજમા ંરહેલા જ્ઞાનના વૈભવ સાથે આર્થિક સમૃદ્ધિના સમન્વય દ્વારા અત્યાર સુધી થયેલા, થઈ રહેલા કે અનિવાર્ય રીતે કરવા જરૂરી એવા અનેક સમજલક્ષી કાર્યો ને સાકાર કરવા દરેક શ્રીબંધૂઓ-ભગિનીઓ એ યથાશક્તિ યોગદાન આપવા તત્પર રહેવું જ પડશે.

આપણે કહિએ છીએ કે, ''દિશા થી દશા સુધરે.'' આપણો સમાજ નસીબદાર છે કે અનેક કર્મનિષ્ઠ શ્રીબંધુઓ નિઃસ્વાર્થ ભાવે સમાજના ઉત્કર્ષ માટે યોગદાન આપી રહ્યા છે. હવે, આ ઉમદા કાર્યોમા યુવાશક્તિ તેમના વિચારો, કાર્યો અને સંપર્કો સાથે સહભાગી થાય તો સોના મા સુગંધ ભળે.

"પ્રેરણા રૂપી વર્ષોથી ધંધો વહે પ્રતિભા તર્ણો" આ ઉક્તિ પ્રમાણે આપ આપની કવિતા, વાર્તા, ચિત્રકળા જેવી મૌલિક કૃતિઓ, શૈક્ષણિક તેમજ વિશિષ્ઠ પ્રતિભા દ્વારા મેળવેલી સિદ્ધિઓ, સારા માઠા પ્રસંગો ની માહિતી અને દાન, જાહેરાતો તેમજ આપના દ્વારા કરાયેલ સત્કાર્યોની વિગતો અમને મોકલતા રહેશો.


આપણે સૌ સમાજનું ગૌરવ અને શ્રીબંધુ તરીકેની ગરિમા વધે તેમજ સામાજિક એકજૂટતા વધુ સબળ બને તે દિશામા કાર્યરત રહિએ એ જ અભિલાષા.

આપ સૌના સાથ, સહકાર અને સહયોગ માટે વિનયપૂર્વક આભાર.

- મિનલ શુક્લ.

નવા પ્રમુખ ને તેમના સહયોગીઓ ને અભિનંદન સાથે જૂનાં પ્રતિનિધિઓ ના સહકાર ની પૂર્ણ શ્રદ્ધા. - વિપુલ દવે

પૂર્વ પ્રમુખશ્રીના આશીર્વચનો...



આદરણીય વડિલ જ્ઞાતી બંધુઓ, ભગિનીઓ, યુવા મિત્રો સર્વે ને આપના બંસીધર ઉપાધ્યાયના સસ્નેહ જય મહાલક્ષ્મી.

આપ સૌના સાથ સહકારથી મને સમાજની સેવા કરવાનો જે સમય મળ્યો હતો તેને યથાશક્તિ, મતિથી સાર્થક કરવાનો પૂરો પ્રયત્ન કર્યો અને મને વિશ્વાસ છે કે એ જ ગતિમાં બલ્કે એનાથી સવિશેષ ગતિથી નવનિયુકત પ્રમુખ માનનીય શ્રી કમલેશભાઈ પાઠક પરિપૂર્ણ કરશે. આથી પ્રારંભમાં જ હું તેમને તથા તેમની નવી ટીમને સાદર શુભેચ્છાઓ પાઠવું છું.

અગાઉ પણ મેં કહ્યું હતું અને વારંવાર કહું છું કે સંહતિઃ કાર્ય સાધિકા – સંગઠનમાં જ શક્તિ છે. કાર્યની સિદ્ધિમાં સૌનો સાથ જરૂરી છે જ, અને એ કાર્ય માટે મેં હોદ્દેદારો અને કારોબારીના સભ્યોની સાથે ખૂબ પ્રવાસ ખેડ્યો છે. મધવાસ, લુણાવાડા, શહેરા, ગોધરા, કાલોલ, વડોદરા, કોઠંબા, ભરૂચ, મોરવા-રેણા જેવા અનેક સ્થળોએ જાતે જઈ સભ્યોની નોંધણી, તેઓના પ્રશ્નો અને સમસ્ત શ્રીગૌડ સમાજ, સાથે તેમનો કાયમી નાતો (Lien) રહે તેવા પ્રયત્નો કર્યા છે અને ૬૦૦ - ૭૦૦ માંથી ૧૨૦૦ જેટલા આજીવન સભ્યો બનાવ્યા અને અનેક કુટુંબમાં જાગૃતતા આવી છે તેમના મુખે હવે જાગૃત્તિ ક્યારે આવશે તેવી તત્પરતા સંભળાય છે.

વડિલો, મિત્રો સમાજ માટે ઘણું જ કરવાનું બાકી છે. માત્ર સમૂહ જનોઈ, લગ્નમેળા કે વડિલ વંદનાથી અટકવું નથી પણ સમાજના અંતરિયાળ વિસ્તારમાં રહેલા મધ્યમ અને અતિ મધ્યમ કુટુંબોને લાભ આપવો છે, જરૂરિયાતમંદોને મેડિકલ સુવિધાઓ, શિક્ષણના સાધનોની ઉપલબ્ધિઓ, શહેરમાં આવતા પરિવારો માટે રહેવા, જમવાની સુવિધાઓ અને શ્રી ભવન તો ખરું જ. આ બધા કાર્યોમાં માત્ર પ્રમુખ કે તેમની ટીમ માત્ર થી શક્ય નથી પણ આપણે સૌ સાથે મળી આવાં કાર્યોને ઉઠાવીશું તો સફળતા જરૂરથી મળશે જ. માત્ર વાતો નહિ પણ પણ સામુહિક પ્રયત્ન જ સફળતા અપાવશે. કહેવાયું છે કે, મથ્યમાનાત્ કાષ્ટાત્ અગ્નિઃ જાય તે, ખન્ય માનાત્ તોયં દદાતિ પૃથ્વિ – અર્થાત્ અરણીના લાકડાં ને ઘસતા જ જઈએ તો અગ્નિ ઉત્પન્ન થશે જ. ખોદતા જ જઈશું તો પૃથ્વી પાણી આપશે જ. એ ન્યાયે સામુહિક પ્રયત્નો કરવા જ પડશે. ઈતર જ્ઞાતિઓ, પોતાની સંઘશક્તિથી જ આગળ આવ્યા છે, વળી, આપણે વિરાટ પુરુષના મુખ (બ્રાહ્મણોડસિ મુખં) .... હોવા છતાં પાછળ જતા જઈએ છીએ. અને વળી શ્રીના ઉપાસકો હોવા છતાં શ્રી વિના અત્ર-તત્ર વિચરીએ છીએ માટે આ મત-મતાંતર, ગમા-અણગમા ના બંધનો છોડી અહમ્‌ને ઓગાળી એકબીજા માટે કાર્ય કરીએ તો ભાવિ ઉજળું છે જ. ઘરમાં બે પાંચ

ભૂતકાળનો તમને આપેલા અનુભવ માટે આભર માનો અને ભવિષ્યને કહો હું તૈયાર છું. -માર્કંડરાય શુક્લ

માણસો ના મતો જુદા હોય તો આ તો આખો સમાજ છે તેને સાથે રાખવાનો છે એટલે મુશ્કેલીઓ તો આવશે જ પણ, તેમાંથી પાર પણ આપણે જ પડવાનું છે તો આવો સૌ સાથે મળી શ્રીબંધુની સેવામાં લાગી જઈએ.

પુનઃ આપ સૌએ અને ખાસ કરીને મારા સમયના હોદ્દેદારો, કારોબારી સભ્યો, સલાહકાર મિત્રો, સાથીઓ જે મને મારા કાર્યકાળમાં સાથ આપ્યો તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. વડિલ વંદના, ઉભરતી પ્રતિભાઓનું, યુવાશક્તિનું સન્માન, સમાજસેવી મહાનુભાવોનું સન્માન, ક્રિકેટ, પ્રવાસ અનેકવિધ પ્રવૃત્તિઓ પૂર્ણ કરવામાં જેમણે સાથ આપ્યો છે તે સૌનો હું ઋણી છું અને ગર્વ અને આનંદ છે. મારા પૂ. મામા અને વર્ષો સુધી સમાજની ધૂરા સંભાળી હતી તે અ. નિવાસી પૂ. હરિપ્રસાદભાઈ જોષી એ જે કાર્યભાર મને સોંપ્યો હતો તેને મે સુપેરે નિભાવ્યો અને હજુ પણ તન-મન-ધનથી સમાજની સેવા કરીશ જ અને એ નાતે જ કારોબારીમાં અને તંત્રી મંડળમાં રહી નવા પ્રમુખશ્રીની પડખે રહ્યો જ છું.

આ જાગૃતિ જ એક એવું માધ્યમ છે જે દ્વારા આપણા વિચારોની, પ્રવૃત્તિઓની અને સારા-માઠા પ્રસંગોની માહિતિ બધાંને મળે છે. આથી આપનાં સરનામા, ફોન નંબર આપશો જ, તેમજ દરેક પ્રસંગે જાગૃતિ નિભાવ ફંડ માટે દાન આપશો-અપાવશો. સાથે સાથે આપનામાં રહેલી સર્જન શક્તિ ને અહી શબ્દ દેહ આપશો તો આપની એ મૌલિક કૃતિઓને આપણે જરૂર અહીં સમાવીશું. આપના વિચારો, મંતવ્યો, સૂચનો વોટ્સએપ પર નહિ પણ આપેલ નંબરોવાળા હોદ્દેદારો ને જણાવશો તો સર્વનું શુભ કરવાના પ્રયત્નો કરીશું. પુનઃ સૌનો આભાર, શુભેચ્છાઓ, શુભ થાઓ, વેદનો ઋષિ કહે છે તેમ

સમાનિ વહ આકુતિઃ સમાના હૃદયાનિવઃ

સમાનમસ્તુ વો મનો યથા વહ સુસહાસતિ.

આપણા હૃદય, મન, વિચારો, અભિલાષાઓ, એક થાઓ, આપણે સૌ સમાજની સેવા માટે સદા તત્પર બની શ્રેયને પ્રાપ્ત કરીએ એ જ અભ્યર્થના.

અસ્તુ. શુભંભવતુ.

પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાય

પૂર્વ પ્રમુખશ્રી, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત


**સારા માઠા પ્રસંગે જાગૃતિને દાન, જાહેરાત આપી-અપાવી પગભર કરશો**

## લાગણી સભર અપીલ...

**દાન આપો દિલથી, દાતા બનો ભાવથી...**

**એકાઉન્ટ નામ :** સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત

**બેંક :** સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, **બ્રાન્ચ :** દાણાપીઠ બ્રાન્ચ (૦૧૬૯૮)

**એકાઉન્ટ નંબર :** 30121839092

IFS Code : SBIN0001698


પોતાને કહેવાનુ હોય તે કહેવાય જાય ત્યાં સુધી ભગવાન અને શૈતાન બંનેને રોકી શકે તે જ સાચો યુવાન. - હેતલ આર. શુક્લ.

નવા વરાયેલ પ્રમુખશ્રીની કલમે....

## વક્રતુંડ મહાકાય સૂર્યકોટિ સમપ્રભઃ
## નિરવિઘ્નં કુરુ મે દેવ સર્વ કાર્યેષુ સર્વદા



પરમ પૂજ્ય વડિલો, આદરણીય શ્રીબંધુઓ, બહેનો અને ઉત્સાહ સભર યુવા સાથીઓ...

આપ સૌને મારા સાદર વંદન અને નમસ્કાર ...!

સૌ પ્રથમ તો આપે મારી ''સમસ્ત શ્રીગૌડ સમાજના પ્રમુખ'' તરીકે વરણી કરી તે માટે હૃદયથી આભાર વ્યક્ત કરું છું.

આપણે ત્યાં અનેક સમાજલક્ષી કાર્યો થતા રહ્યા છે અને થાય છે. સમય અને સંજોગો પ્રમાણે સામાજિક પરિપ્રેક્ષ્યમાં પરિવર્તન આવે છે અને સમાજના ઉજ્જ્વળ ભવિષ્ય માટે આ સદા આવકાર્ય હોવું પણ જોઈએ.

સમૂહ મા ચાલે તે સમાજ આ ઉક્તિ ત્યારે જ ચરિતાર્થ થાય જ્યારે દરેક શ્રીબંધુ પોતાનું સામાજિક દાયિત્વ અદા કરે. આ માટે હકારાત્મક અભિગમ અને તંદુરસ્ત વાતાવરણ હોવું આવશ્યક છે.

હવે આપણે "સૌએ આમ કરવું જોઈએ" આ પ્રમાણે ના હોય કે અમે-તમેની વિચારસરણી ને ત્યાગી ને ખાસ ધ્યેય નક્કી કરી ચર્ચા-વિચારણાના અંતે સમાજના ઉત્કર્ષ માટે યથાશક્તિ યોગદાન આપવા તત્પર રહેવું જ પડશે. "મેં આ કર્યું" ની આત્મશ્લાધાની ભાવના ત્યજી ને કે આપણે સહુએ જબરજસ્ત ઉત્સાહનું વાતાવરણ સર્જી કોઈ પણ ખૂણે રહેતા શ્રીબંધુ ને મુખ્યધારામા લાવવા દરેકે અથાગ પ્રયત્નો કરવાની જરૂર છે.

જેવી રીતે આપણી જીવન શૈલીને આધુનિક ઓપ આપવા અથાગ પરિશ્રમ કરીએ છીએ એ જ રીતે આપણા સમાજ ને પણ આધુનિકતા નો ટચ આપવાની જરૂર છે. બાળકોને ઉચ્ચ શિક્ષણ મળે, જરૂરિયાતમંદને પૂરતી સહાય મળે, વિવિધ પ્રસંગો માટે આપણું પોતાનું શ્રીભવન હોય વગેરે જેવા અનેક આવશ્યક કામો પૂર્ણ કરવા કટીબદ્ધ થવાની જરૂર છે.

મિત્રો, સાચા ઈરાદા અને સાચી વૃત્તિથી શરૂ થયેલા કાર્યો સફળ થાય જ છે. આપણે સૌએ સાથે મળીને પરંપરાગત રૂઢિગત જડતાને ત્યજી મૂળભૂત મૂલ્યોના જતનની સાથે સાથે સામાજિક નવસંચારની દિશામાં આગળ વધવાનું છે. આ આજના સમયની માંગ છે. આ સમાનતા નો યુગ છે. નારી શક્તિ અનેક ક્ષેત્રોમાં સમોવડી બની ને સિદ્ધિના શિખરો સર કરી રહી છે ત્યારે હું બહેનોને ખાસ અપીલ કરું છું કે, આપ સૌ પણ પ્રત્યક્ષ રીતે આપણા સમાજના વિવિધ કાર્યો અને કાર્યક્રમોમાં ભાગ લઈ આપનું અમૂલ્ય યોગદાન આપો. આપણા યુવાધનમાં અનેક સુષુપ્ત શક્તિઓ રહેલી છે. આધુનિક ટેકનોલોજી સાથે તાલ મિલાવતા યુવક-યુવતિઓ સામાજિક ઐક્ય માટે

જ્યારે કોઈનો વિશ્વાસ તમારા પર વધી જાય છે, ત્યારે તમારી જવાબદારી પણ વધી જાય છે. -ભરતભાઈ શુક્લ

કાર્યરત બને તો સોનામાં સુગંધ ભળે.

પહેલા કરતા હવે ટેકનોલોજીના કારણે સંપર્કો સરળ બન્યા છે. જો આપણે સોશિયલ મિડિયા દ્વારા અજાણ્યા ને પણ મિત્ર બનાવી સંબંધની જાળવણી કરવા તત્પર રહેતા હોઈએ તો આપણે તો શ્રીબંધુઓ છીએ. એક નાનકડો પ્રયત્ન અને નેક ઈરાદો હોય તો કોઈપણ બાબતને સાકાર કરવી આપણા માટે અશક્ય નથી જ.

આપણી આવનારી પેઢીઓ ગૌરવ લઈ શકે અને દરેક શ્રીબંધુ પોતાના પદ અને પરિસ્થિતિ પ્રમાણે સમાજને ફાયદાકારક પ્રવૃત્તિઓમાં સહભાગી થાય તો સર્વાંગી રીતે, ખૂબ ઓછા સમયમાં અને ઝડપી ગતિ એ પ્રગતિ થાય જ, એવા ઉમંગ અને દઢ સંકલ્પ સાથે આપણે બધા એ એક થઈ કાર્ય કરવાનું છે.

આપ સૌ શ્રીબંધુઓ માત્ર ને માત્ર સમાજના ઉત્થાન માટે આપના અભિપ્રાયો, મંતવ્યો કે વિચારો નિઃસંકોચ પણે જણાવી શકો છો.

સમસ્ત શ્રીગૌડ સમાજના પ્રમુખ તરીકેની મારી વરણી કરી અને મારામાં મુકેલા વિશ્વાસ માટે ફરી દરેક શ્રીબંધુઓનો વ્યક્તિગત રીતે આભાર માનું છું.

જય મહાલક્ષ્મી મા !

આપનો શુભચિંતક,

કમલેશ એસ. પાઠક

પ્રમુખ, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

## સારસ્વત સન્માન કાર્યક્રમ (ચંદ્રક - પારિતોષિક સમારોહ)

શ્રી સમાજના જે વિદ્યાર્થી / વિદ્યાર્થીનીએ વર્ષ ૨૦૧૭-૨૦૧૮ સને ૨૦૧૮-૨૦૧૯ના શૈક્ષણિક વર્ષમાં પ્રથમ પ્રયત્ને ધો. ૧૦, ધો. ૧૨ સ્નાતક, અનુસ્નાતક તેમજ અન્ય વિશેષ શૈક્ષણિક યોગ્યતા પ્રાપ્ત કરી ઉજ્જવળ સફળતા મેળવી હોય તેઓએ સમાજ તરફથી અભિવાદન સમારંભમાં પારિતોષિક મેળવવા માટે પોતાની માર્કશીટની નકલ સાથે ૩૧ જુલાઈ ૨૦૧૯ સુધીમાં સંપાદક શ્રી રાજેશભાઈ પંડ્યાને અહીં મૂકેલા નમુનાના ફોર્મ કે તેની ઝેરોક્ષ કોપીમાં સ્વહસ્તાક્ષરે ભરી તેમના સરનામે અથવા ઈ-મેઈલ દ્વારા મોકલવા વિનંતી.

**રાજેશ એસ. પંડ્યા**

૪૦, મોહજગત સોસાયટી, વિંઝોલ રેલવે ક્રોસિંગ પાસે,

પોસ્ટ - વટવા, જી.આઈ.ડી.સી., અમદાવાદ-૩૮૨૪૪૫.

M. 9998716577, email : rajurashmijay@gmail.com

જગતને પ્રભાવિત કરવું સહેલું છે પણ પ્રકાશિતકરવું ખૂબ અઘરું છે. -મીનાબેન એ. દવે

# શ્રી સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ચંદ્રક પારિતોષિક માટેનું અરજીપત્રક

સભાસદ નં. :

પ્રતિ, સંપાદકશ્રી,
**શ્રી સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત**
C/o. રાજેશ એસ. પંડ્યા
૪૦, મોહજગત સોસાયટી, વિંઝોલ રેલવે ક્રોસિંગ પાસે,
પોસ્ટ - વટવા, જી.આઈ.ડી.સી., અમદાવાદ-૩૮૨૪૪૫
M. 9998716577, email : rajurashmijay@gmail.com

**વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ ના ............... ધોરણમાં /ડીગ્રીમાં/ડીપ્લોમાં**

સમાજ તરફથી વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯માં સાલમાં પાસ થયેલ વિદ્યાર્થીઓને અપાતા ચંદ્રક / પારિતોષિક માટે મારી અરજી ધ્યાનમાં લેવા વિનંતી છે. મારી માહિતી નીચે મુજબ છે :

વિદ્યાર્થી / વિદ્યાર્થીનું નામ : ..................................................................
સરનામું : ..................................................................
ટેલીફોન/મોબાઈલ નંબર : ..................................................................
પિતા/વાલીનું નામ : ..................................................................
સરનામું : ..................................................................
પિતા / વાલી સમાજના આજીવન / સામાન્ય સભ્ય છે ? હા / ના
વિદ્યાર્થીએ પાસ કરેલ ધોરણ / ડીગ્રી : ..................................................................
અભ્યાસક્રમ - પ્રવાહનું નામ : ..................................................................
પરીક્ષામાં મેળવેલ ટકા : ..................................................................
બોર્ડ યુનિવર્સીટી : ..................................................................

| પરીક્ષાના વિષયો | કુલ ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|
| | | |

નોંધ :-
(૧) અરજી સાથે ગુણપત્રકની જાતે પ્રમાણિત કોપી મોકલવી.
(૨) અધૂરી આવેલી અરજી ધ્યાનમાં લેવામાં નહીં આવે.
(૩) જે શાખા/પ્રવાહમાં ધોષિત ચંદ્રક નથી તેવી અરજીઓ સ્વીકાર કરવામાં આવશે નહિ.
(૪) પ્રથમ પ્રયત્ને સફળ થનાર ચંદ્રકને પાત્ર ગણાશે.
(૫) સમાજના આજીવન સભ્ય હોય તેવા વાલીના બાળક જ ચંદ્રકને પાત્ર થશે.
(૬) **માર્કશીટ તા. ૩૧-૦૭-૨૦૧૯ સુધીમાં સંપાદકશ્રીને મોકલી આપવાની રહેશે.**

તારીખ : પિતા/વાલીની સહી : વિદ્યાર્થીની સહી :

**લોખંડનો સૌથી મોટો દુશ્મ બીજો કોઈ નહીં એનો પોતાનો જ કાટ છે. -જ્યોતિબેન એન. પાઠક**

# માળી બનીએ, વાલી નહિ



**Are you The Guardian of your child or Gardener of your child?**

અર્થાત .....આપણે મા-બાપ તરીકે , આપણા બાળક ના વાલી છીએ કે માળી?

આ પ્રશ્ન વાંચવામાં જ વિચિત્ર લાગે છે ને ? પણ વિચાર કરવા જેવો છે અને દરેક મા-બાપ માટે અગત્યનો છે. બંને , વાલી - **Guardian** અને માળી- **Gardener**, ના **Role** રોલ (પાત્ર અને ફરજો) અને **Process** ( કાર્ય પદ્ધતિ ) માં આસમાન જમીન નો ફરક છે અને જો આપણે આ બંને વચ્ચે નો તફાવત સમજીશુ તો, જ કદાચ આપણે આપણા બાળક ના વધુ યોગ્ય માં બાપ બની શકીશું અને બાળક ના સાચા અને ખરા વિકાસ માં વધુ સારું અને યોગ્ય યોગદાન આપી શકીશું .

આ વિષય પર વધુ ચર્ચા કરીએ તે પહેલા ચાલો આપણે માળી શું કરે છે , તે યાદ કરી લઈએ . આપણા માનસ પટલ પર માળી નું ચિત્ર આવતાં જ, બાગ યાદ આવી જાય , તેનો પહેરવેશ યાદ આવી જાય , તેના કામ કરવાની પદ્ધતિ યાદ આવી જાય .....માળી નું માનસ ચિત્ર કંઈક આવું હોય ? ? ? ::

૧. સીધો સાદો પહેરવેશ .

૨. સાદા ઓજારો- એક દાતરડું , પાણી ની પાઈપ , ખાતર ની નાની કોથળી, ઘાસ કાપવાનું નાનું મશીન. વિગેરે .

૩. પોતાના ગ્રાહક ની ક્ષમતા અને જમીન ની ગુણવત્તા નું પહેલા પૂરું જ્ઞાન મેળવવું પછી તે અનુસાર સાચી સલાહ આપવી.

હવે આ માળી (gardener) ની આવડતો અને કુશળતા ની વાત કરીએ તો ?

૧. બાગ કામ , જમીન, માટી , ખાતર જેવા જરૂરી વિષય ની પુરેપુરી જાણકારી

૨. પોતાના વિષય નું ઊંડું જ્ઞાન હોવા છતાં, સંયમ થી, યોગ્ય, જરૂર હોય તેટલી જ સલાહ આપવી અને ગ્રાહક ને આખરી નિર્ણય લેવા દેવો .

૩. સલાહ, પ્રભાવ પડવા કે પોતાની અગત્યતા બતાવવા નહિ પણ કઈ માટી માં શુ ઉગશે તે મુજબ સલાહ આપવાનો ગુણ.

અને, આપણે જયારે માળી ને આપણા બાગ નું કામ આપીએ તો ૮૫ તી ૯૦ ટકા આપણ ને ગ્રાહક તરીકે જે ગમતું હતું અને વિચાર્યું હતું, તેવું જ પરિણામ આપે.

હવે , આ વાતો ને આપણે આપણી સાથે સરખાવીએ . આપણે વાલી **(guardian)** તરીકે આ માળી **(gardener)** ની સરખામણી માં ક્યાં ઉભા

ખરતા પાંદડાં એ દુનિયાનું સૌથી મોટું ઉદાહરણ છે કે બોજ બન્યા તો તમારા પોતાના જ તમને પાડી દેશે. -રોહિણીબેન આર. દવે

રહીએ?

મોટા ભાગે એક વાલી તરીકે, ૧૫ થી ૨૦ ટકા અપવાદ બાદ કરતાં, જો આપણે નિષ્પક્ષ રીતે આપણું ચિત્ર જોઈએ, તો કંઈક આવું હોઈ શકે???

૧. વાલી એટલે એક જ્ઞાની, શિક્ષિત, પ્રતિષ્ઠિત, બુદ્ધિવાન અને મોભાદાર વ્યક્તિ જેને દરેક વાત ની ખબર છે, સારા નરસા નું ભાન છે અને સાચા ખોટા ની ખબર છે .

૨. જમીન ( બાળક ના રસ અને ક્ષમતા ) પ્રમાણે નહિ - પોતાના રસ અને પોતાની ક્ષમતા મુજબ સલાહ – ના મોટા ભાગે તો આદેશ આપવો . ટૂંક મા બાળક (જમીન ) ના રસ કે તેની ગુણવત્તા ની જાણકારી હોવી કે મેળવવી જરૂરી નથી.

૩. guardian તરીકે આપણા ઓજારો ??? અધિકાર ની ભાવના (dominance ), લાગણીશીલતા ( impulsiveness) , કોઈક વાર આપણો અહમ અને કોઈક વાર માલિકી ના ભાવવાળો ગુસ્સો (anger- arrogance).

એક માળી ( gardener ) ની સરખામણી માં એક વાલી (guardian) તરીકે , અમુક અપવાદો બાદ કરતાં , આપણા રોલ વિષે આપણા વિચારો કંઈક આવા હોય છે?

૧. આપણો રોલ એક ચોકીદાર કે પોલીસ તરીકે નો છે.

૨. ભૂલો ના થાય તે જોવાની મુખ્ય ફરજ અને જવાબદારી - ભૂલો ના થાય તેવા નિયમો બનાવવાની છે, શિસ્ત રાખવાની અને ન્યાયાધીશ તરીકે ચુકાદા આપવાની છે .

૩. બાળક ને શુ ગમે છે ? ક્ષમતા શુ છે ? તે ના ગણકારતા , આપણે તેને શુ બનાવવો છે ? તેની પર ધ્યાન આપવાનું છે . ( જમીન માં શુ સારું થશે તે નહિ - આપણી ઈચ્છા મુજબ ના ફૂલો અને ફળ ના છોડ વાવવાનું) .

હવે **gardener** ની સરખામણી માં **guardian** તરીકે આપણે કેમ આવુ વિચારીએ છીએ :

૧. આપણે આપણા બાળક ને , આપણી દ્રષ્ટિ અને વ્યાખ્યા મુજબ સુખી અને સફળ જોવો છે – નહિ કે તેને ખુશ જોવો છે અથવા તેને દિલ થી પ્રફુલ્લિત રીતે જીવન જીવતા જોવો છે .

૨.આપણું બાળક આપણું નામ રોશન કરે તેવી એક અભિલાષા હોય છે- નહિ કે બાળક પોતાના પસંદગી ના ક્ષેત્ર માં સફળ થાય .

૩. આપણું બાળક આપણે આપણા જીવન માં જેટલા ભૌતિક સુખો મેળવ્યા તેનાથી વધુ મેળવે તેવી લાગણી અને ઝંખના .

અને આ પ્રાપ્ત કરવા જતા આપણે બાળક ના પોતાના ભવિષ્ય માટે તેનો પોતાનો અભિપ્રાય રૂપી મૂળભૂત હક , જાણે અજાણે છીનવી લઈએ છીએ. જાણે અજાણે આમ કરતા બાળક પોતે , મોટા ભાગે, પોતાના ધ્યેય સાથે લાગણી થી અને મન થી જોડાતો નથી અને ફક્ત આજ્ઞાંકિત બાળક તરીકે , મોટાભાગે યાંત્રિક રીતે **(mechanically) robot** ની જેમ મહેનત કરવા લાગી જાય છે અને અંતે જ્ઞાન નહિ માહિતી મેળવે છે . ડહાપણ નહિ તર્ક કરવાની કળા ભેગી કરે છે .

માણસ પોતાની નજરમાં સાચો હોવો જોઈએ દુનિયા તો ભગવાનને પણ ખોટા સાબિત કરે છે. -કલ્પનાબેન જે. દવે

આ process મા, બાળક , subconsciously , આપણા થી દૂર થતો જાય છે અને આપણી વચ્ચે ના લાગણી ના તાણાવાણા, નબળા પડતા જાય છે . બાળક, ક્યાંક તેના મન ની ઈચ્છાઓ અને અભિલાષાઓ ને દબાવી દેવા માટે, આપણ ને દોષી માને છે અને આજ ભૂલ તે જયારે મા-બાપ બને છે ત્યારે કરે છે – તે તેના બાળક માટે, આપણી જેમ જ, ફરી Gardener ને બદલે Guardian બની જાય છે.

તો હવે ઉપાય કે ઉકેલ શું ? ?

૧. પહેલો ખુબ અઘરો છે પણ જરૂરી છે : Gardener, ની જોડણી (spelling) માં, Guardian ની માફક મા U અને I નથી . I અને U ( હું અને તું ) અક્ષરો થી અહમ્ નો ટકરાવ થાય છે – કોણ સાચું કોણ ખોટું – કોણ વધારે બુદ્ધિશાળી –U અને I? ટૂંક માં કોણ સાચું છે તે ભૂલી શું સાચું છે અને શું યોગ્ય છે તેના ઉપર ધ્યાન આપો .

૨. જેનું ભવિષ્ય દાવ પર છે – એરણ પર છે , તેના વિચારો સમજીએ .

૩. જે જમીન પર બીજ રોપવાના છે તેની ક્ષમતા અને ગુણવત્તા ની ચકાસણી કરીએ – અર્થાત્ બાળક ના attitude અને aptitude ને ચકાસીએ અને પછી યોગ્ય નિર્ણય લઈયે .

૪. આપણે ચોકીદાર કે ન્યાયાધીશ ના પોશાક અને માનસિકતા ને બાજુ પર મૂકી , માળી ના માળખા માં આવી જઈએ અને આપણે સલાહકાર - failitatro ની ફરજ નિભાવીએ.

૫. ખાસ વાત જે ખુબ જરૂરી છે :- માળી નું એક કામ છોડ ની આજુબાજુ ના નકામાં ઘાસને (weeds) દૂર કરવાનું અને જીવાતો (pest અને termite) થી રક્ષણ કરવાનું પણ છે એટલે, અહી ચોક્કસ શિસ્ત અને નિયમો કંઈક હદે જોઈશે. પણ, જો ઉપરના ચાર સિદ્ધાંતો નું પાલન થશે તો આ નિયમો નું પાલન બાળક હરખાઈ ને કરશે .

ટૂંક માં, આપણે આપણું ધ્યેય - આપણા બાળક ના ભવિષ્ય ને સુખો થી ખરું પણ તેનાથી વધારે ઉપરાંત ખુશીઓ થી ભરેલું કરવાનો રાખીએ . તેને સફળતા મેળવવા ઉપરાંત તેના જીવન માં રસ અને આનંદ જળવાઈ રહે તે રાખીએ . બાળક એ ઈશ્વરે આપણને આપેલી મોટી જવાબદારી છે – તેને સફળ બનાવવાની તો ખરી જ પણ તેનાથી વધુ, તેને ખુશી થી જીવન જીવતા શીખવવાની.

હમેશા એ યાદ રહે કે , જીવન આપણું નથી – આપણા બાળક નું છે . આપણને ઈશ્વરે એક નિમિત્ત બનાવી , બાળક સોપ્યું છે તેથી ... મુસાફરી બાળક ને કરવા દઈએ . તેના જીવન ના વાહન ના, વાહન ચાલક આપણે બનવાનું નથી – આપણે ફક્ત માર્ગદર્શક બનવાનું છે – કંઈક અંશે GPS બનવાનું છે –જે તેની મંજિલ – destination, અનુસાર માર્ગ ના અલગ અલગ options બતાવે, કયા રસ્તા ખુલ્લા છે અને ક્યાં ટ્રાફીક જામ છે તે બતાવે ......જેથી આપણું બાળક , છેલ્લે મંજિલ મેળવ્યા પછી આપણને ભેટે , ગળે લગાવે , જાદુ ની ઝપ્પી આપે અને કહે ....... Thank You for being with me, Dude.

-ડૉ. અતુલ પંડયા

કેટલીકવાર ભગવાન તમારા અંતરાઆત્માને બચાવવા માટે તમારું હૃદય તોડે છે. -માલતીબેન બી. ત્રિવેદી

# યોગ અને આરોગ્ય

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.

આ અષ્ટાંગમાં પ્રથમનાં પાંચ અંગો જેને 'બહિરંગ' કહેવામાં આવે છે અને બાકીનાં ત્રણ, ધારણા, ધ્યાન અને સમાધિ એ અંતરંગ છે, જેને 'રાજયોગ' પણ કહેવામાં આવે છે.

કુમારસંભવ મહાકાવ્યમાં મહાકવિ કાલિદાસે કહ્યું છે કે, 'शरीरमाद्यं खलु धर्मसाधनम्' અર્થાત્ ધર્મને પ્રાપ્ત કરવો હોય તો શરીર જ સાધન છે. સાધન એવા શરીરને તંદુરસ્ત નિરામય, સ્ફૂર્તિવંત રાખવું જ રહ્યું. ગુજરાતીમાં પણ કહેવત છે કે 'પહેલું સુખ તે જાતે નર્યા'. જાત ને શરીર ને સ્વસ્થ રાખવું તે જ પહેલું સુખ છે.

પરમ સત્યને પામવા આ માનવદેહ જ એક માત્ર સાધન છે. તો આ કાયાની માવજત કેમ ન કરવી?

ઉપનિષદોમાં પણ કહેવાયું છે કે 'नाऽयमात्मा बलहिनेन लभ्यः' આ આત્મા નિર્બળ મનુષ્યથી પ્રાપ્ત થતો નથી. અહીં શરીર અને મન બંનેની વાત છે.

આવા દુર્લભ, સહજ રીતે અપ્રાપ્ય એવા માનવ શરીરને અને માનવ મનને અને મનના મૂળ સ્વભાવરૂપ મૌનને પ્રાપ્ત કરવા માટે આપણી પાસે કોઈ વિદ્યા, મુક્તિ, શાસ્ત્રીય પદ્ધતિ, વૈજ્ઞાનિક પદ્ધતિ (**Technique**) છે ખરી?

આનો જવાબ નિઃશંકપણે, સગૌરવ આપી શકાય તેમ છે.

ભારતવર્ષની આધ્યાત્મિક પરંપરાની અતિ પ્રાચીન વિદ્યા-સાધના તે 'યોગ' છે.

આ 'યોગ' જ માનવમનના મૌનને પ્રાપ્ત કરવાની એક સર્વ સુલભ, સર્વગ્રાહ્ય, નિઃશુલ્ક, સહજ અને પંથનિરપેક્ષ શાસ્ત્રીય યુક્તિ છે, જે પ્રાચીન ઋષિમુનિઓએ સ્વાનુભવથી કેળવેલી, ગહન અને ઉત્તમ એવી પ્રાચીન પદ્ધતિ છે.

સત્ય તો એમાં રહેલું છે કે આ વૈજ્ઞાનિક પદ્ધતિ છે. આજના બુદ્ધિજીવીઓએ-વૈજ્ઞાનિકોએ પ્રયોગોથી સિદ્ધ કર્યું છે કે યોગાસન અને પ્રાણાયામથી શરીરમાં જુદા જુદા ફેરફાર થાય છે અને ક્રમબદ્ધ રીતે ધાર્યાં પરિણામ લાવી શકાય છે. પછી તે હૃદયના ધબકારા હોય કે બ્લડપ્રેશર કે ડાયાબિટીસ કે મનના વિચારો - (**thoughts**) તેને નિયંત્રિત કરી શકાય છે. ચોક્કસ અને એકાગ્રતાથી કરેલા પદ્ધતિસરના યોગના પ્રયોગો-યોગવિદ્યાઓ યૌગિક યુક્તિઓ શરીર અને મન ઉપર ધારી અસર કરે છે.

એ નિર્વિવાદ છે કે 'યોગ' થી રોગ દૂર થાય છે જ, પણ શું યોગને માત્ર આટલા માટે જ સીમિત કરી દેવો? ના યોગ તો ભવરોગ મિટાવે છે.

ગરુડપુરાણમાં કહ્યું છે કે, 'भव तापेन तप्तानां योगो हि परमौषधम्' ભવ-તાપથી તપ્ત થયેલાઓને માટે યોગ પરમ ઔષધ છે.

એક રમૂજની વાત કરું? શું તલવારથી દૂધી સમારાય? (કપાય) જવાબ હા માં જ આવે પણ શું તલવારનો માત્ર દૂધી સમારવા ઉપયોગ કરીએ તો એમાં અપમાન તલવારનું છે. બસ અહીં પણ મારે આ જ કહેવું છે કે, યોગથી રોગ દૂર થાય પણ તેનો માત્ર ઉપયોગ રોગ દૂર કરવા જ નહિ, પણ ભવરોગ દૂર કરવા માટે આધ્યાત્મિક દૃષ્ટિએ પણ ઉપયોગ કરવો જોઈએ. (ક્રમશઃ)

-ડૉ. બંસીધર ઉપાધ્યાય

(પૂર્વકુલપતિશ્રી, લકુલીશ યોગ યુનિવર્સિટી, અમદાવાદ.)

આજ જિંદગીની રમત છે સાહેબ, અહીંયા પવન કરતાં વધારે માણસો ફરી જાય છે. -મુકેશભાઈ એલ. પાઠક

# મંગલ મંદિર ખોલો દયામય....

૧. ભારતીબેન ઉપેન્દ્રભાઈ દવે દેવલોક પામેલ છે.
૨. સૂર્યકાંત રામશંકર પંડયા (રાબડીયા/વડોદરા) દેવલોક પામેલ છે.
૩. દેવેન્દ્રપ્રસાદ ગિરિશશંકર શુક્લ દેવલોક પામેલ છે.
૪. ભરતકુમાર પંડયા દેવલોક પામેલ છે.
૫. ડો.હાર્દિક પુરાણી દેવલોક પામેલ છે.
૬. ૠષિકેશ નટવરલાલ દિક્ષિત, દેવલોક પામેલ છે.
૭. રંજનબેન ગીરીશભાઈ વ્યાસ, દેવલોક પામેલ છે.
૮. વિનોદાબેન પ્રિયવદન પાઠક , દેવલોક પામેલ છે.
૯. લતાબેન બાબુલાલ દવે , દેવલોક પામેલ છે.
૧૦. ગીરીશભાઈ સુખરામ પંડયા (અમદાવાદ), દેવલોક પામેલ છે.
૧૧. લતાબેન ભાસ્કરભાઈ શુક્લ (મોડાસા), દેવલોક પામેલ છે.
૧૨. દિલીપભાઈ વિષ્ણુભાઈ પાઠક (ઓડ), દેવલોક પામેલ છે.
૧૩. ડો.કૌટિલ્ય હરિપ્રસાદ શુક્લ, દેવલોક પામેલ છે.
૧૪. અનીલાબેન જશવંતપ્રસાદ શુક્લ (દેવગઢ બારીયા ), દેવલોક પામેલ છે.
૧૫. પરીમાલાબેન ઉષાકાન્ત શાસ્ત્રી, દેવલોક પામેલ છે.
૧૬. રસિલાબેન શિવશંકર ઉપાધ્યાય (જાંબુ ગોરલ ), દેવલોક પામેલ છે.
૧૭. મનોરમાબેન એમ.પાઠક, દેવલોક પામેલ છે.
૧૮. વસંતરાય રામપ્રસાદ દવે, દેવલોક પામેલ છે.
૧૯. ઉદયન હરિશંકર શુક્લ, દેવલોક પામેલ છે.
૨૦. દિલીપ ગણપતરામ પાઠક (શહેરા), દેવલોક પામ્યા છે.
૨૧. અનિલાબેન અનિરુદ્ધભાઈ પાઠક (લુણાવાડા), દેવલોક પામ્યા છે.

**પ્રભુ સદ્‌ગત આત્માઓને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના.**

## શ્રદ્ધાસુમન (જાન્યુઆરી -ફેબ્રુઆરી-માર્ચ)

સ્વ. રમાબેન કે. પંડ્યા (૨૧-૦૧-૧૯૮૩)
સ્વ. ગૌરીશંકર જે. દવે (૧૦-૦૧-૧૯૬૫)
સ્વ. નરોત્તમ ચંદ્રેશ્વર દવે (૦૪-૦૧-૧૯૫૩)
સ્વ. જયંતિલાલ પૂર્ણાનંદ દવે (૨૦-૦૧-૧૯૯૦)
સ્વ. વિશ્વનાથ નર્મદાશંકર દવે (૦૬-૦૧-૧૯૯૭)
સ્વ. રાજીવ કૃષ્ણકાંત દેસાઈ (૧૪-૦૧-૧૯૯૦)
સ્વ. શીવપ્રસાદ ગણપતરામ દવે (૦૩-૦૧-૧૯૮૩)
સ્વ. હરિપ્રસાદ કેશવલાલ પંડ્યા (૨૦-૦૧-૧૯૮૪)
સ્વ. ધર્મેન્દ્ર ઉચ્છંગરાય જોષી (૧૪-૦૧-૧૯૮૨)
સ્વ. ભૂપેન્દ્ર એન. જોષી (૧૪-૦૧-૨૦૦૫)
સ્વ. અલ્પાબેન કિરણકુમાર દવે (૧૭-૦૧-૨૦૦૫)
સ્વ. ગદાધરભાઈ જે. સેવક (૦૫-૦૨-૧૯૮૯)
સ્વ. મેનાબેન એ. પુરોહિત (૨૫-૦૨-૧૯૯૬)
સ્વ. સવિતાલક્ષ્મી ચંદ્રકાંત પંડ્યા (૦૬-૦૨-૧૯૫૨)
સ્વ. જગદીશચંદ્ર છોટાલાલ જોષી (૨૧-૦૨-૨૦૦૫)
સ્વ. નરેન્દ્રપ્રસાદ રેવાશંકર દવે (૦૭-૦૨-૨૦૦૫)
સ્વ. મહેન્દ્રપ્રસાદ જેઠાલાલ શુક્લ (૧૧-૦૨-૨૦૦૫)
સ્વ. હસુમતીબેન અરવિંદભાઈ ત્રિવેદી (૧૬-૦૨-૧૯૯૬)
સ્વ. અંબાલાલ ભુલેશ્વર જોષી (૦૧-૦૨-૧૯૭૭)
સ્વ. હરિશંકર દેવશંકર જોષી (૨૫-૦૨-૧૯૮૬)
સ્વ. ભાનુબેન શીવપ્રસાદ દવે (૦૭-૦૨-૧૯૮૬)
સ્વ. વિનોદરાય પુંજાલાલ દવે (૧૫-૦૩-૨૦૦૬)
સ્વ. પ્રવિણાબેન ઈન્દ્રવદન પંડ્યા (૦૧-૦૩-૨૦૦૦)
સ્વ. સમીર નિરંજનભાઈ પંડ્યા (૦૬-૦૩-૧૯૮૪)
સ્વ. બાલમુકુંદ બાબુભાઈ શુક્લ (૦૧-૦૩-૨૦૦૨)
સ્વ. પરસનબેન વિશ્વનાથ દવે (૧૮-૦૩-૨૦૦૦)
સ્વ. કમળાબેન હરિપ્રસાદ પંડ્યા (૦૬-૦૩-૧૯૯૩)

**જે ગાંઠ છોડી શકાય એવી હોય તેને ક્યારેય કાપશો નહીં. -રાજેશભાઈ શુક્લ**

# હૃદયાંજલી





**સ્વ. હેમલત્તાબેન મધુસૂદન શાસ્ત્રી**

જ.તા. ૧૩-૦૫-૧૯૫૨ ગૌલોકવાસ ૦૭-૦૩-૨૦૧૯

॥ શ્રી હરિ ૐ ॥

શ્રીગૌડ જ્ઞાતિના ગૌરવ સમાન આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત પરંપરાગત સુપ્રસિદ્ધ ભાગવત કથાકાર ગોલોકવાસી શાસ્ત્રીજી રમણલાલ જયેષ્ઠારામની પરંપરાગત જાળવનાર તેમના પુત્ર શ્રી મધુસુદનભાઈના ધર્મપત્ની અ.સૌ. હેમલત્તાબેનને તા. ૦૭-૦૩-૨૦૧૯ (ગુરુવાર, ફાગણ સુદ ૧) ના રોજ શ્રી ઠાકોરજીએ અનુગ્રહ કરી પોતાના નિજધામ ગૌલોકની નિકુંજમાં ફાગૂણી રંગોત્સવનો આનંદોત્સવ માણવા બોલાવી લીધા છે.

નિત્ય લગભગ અડધો દિવસ જપ, તપ, સેવાપૂજામાં વ્યતિત કરનાર ગૌલકવાસી હેમલત્તાબેન ખૂબ જ સરળ, મિલનસાર સ્વભાવ ઉપરાંત ફક્ત કુટુંબીજનો જ નહીં પણ હિંદુ, મુસલમાન, વ્હોરા, ઈસાઈ, જૈન કોઈપણ આવનાર વ્યક્તિનો ભેદભાવ વગરનો આતિથ્ય સત્કાર અશ્રુભીના નેત્રે આંગતુકો યાદ કરે છે.

બાળકોમાં સંસ્કાર સિંચન કરી ધાર્મિક પ્રવૃત્તિમાં પતિનો સાથ નિભાવી અન્યને માર્ગદર્શક બની રહે તેવું આદર્શ જીવન વ્યતિત કરનાર ગૌલકવાસી હેમલત્તાબેનને ભગવદ ચરણોમાં રતિ-ગતિ રહે એ જ અભ્યર્થના સહ, સમસ્ત શ્રીગૌડ સમાજના પ્રમુખ સહિત તમામ પદાધિકારીઓ શુભેચ્છકો પોતાની ભાવાંજલી અર્પણ કરે છે.

વિનીત

અ.સૌ. દિપાવલીબેન - ધર્મેશ મધુસૂદન શાસ્ત્રી

અ.સૌ. સેજલબેન - ડૉ. ભદ્રેશ મધુસૂદન શાસ્ત્રી

અ.સૌ. ઉર્મિબેન - સમીરભાઈ પુરાણી (એડવોકેટ)

અમારા દાદીમાની ચિરંતન ભગવદ ચરણોમાં રતિ-ગતિ

પ્રાપ્ત થાય એજ અભ્યર્થના સહ

ચિ. હિર, જિ. જય, ચિ.દેવ, ચિ. ધૈર્ય, ચિ. ઈશિતા

તથા

શાસ્ત્રીજી રમણલાલ જયેષ્ઠારામ ઉમરેઠવાળા સમસ્ત પરિવાર

એકઠા થવું ખૂબ સરળ છે સાહેબ એક થવું ખૂબ અઘરું છે, એકઠા નહિ એક થાવ...-કુલદીપભાઈ પંડિત

## સમાચાર સંચય

→ દિલ્હી ખાતે 'ગ્લોબલ લીડરશીપ અને આન્ત્રપ્રન્યોરશીપ ડેવલોપમેન્ટ' વિશે 'વિઝન ૨૦૨૦' લીડરશીપ કન્વેન્શન ના તાજેતરમાં થયેલ આયોજનમાં ૨૦ દેશોના ૩૦૦ જેટલા ડેલીગેટ્સ પૈકી ૮ દેશોના વિવિધ વિષય નિષ્ણાતો માં આપની જ્ઞાતિના ડૉ.અતુલ પંડ્યા એ ''નેતૃત્વ વિકાસ અને આન્ત્રપ્રન્યોરશીપ સામેના પડકારો'' વિશે મંતવ્યો રજૂ કરતાં ઈન્ડોરશિયન રીલેશનશીપ ફોરમના ચેરમેન-પ્રમુખ દ્વારા ડૉ.અતુલ પંડ્યા નુ બહુમાન કરતાં આપણા સમાજનું ગૌરવ વધ્યું છે.

→ શ્રીગૌડ સમાજ લુણાવાડા દ્વારા શ્રી રમાબેન કાંતિલાલ ભટ્ટ નુ ૭૫ વર્ષ પુરા કરવા બદલ સન્માન કરવામાં આવ્યું.

→ શ્રી હરેન્દ્રભાઈ પી.શુક્લ, ગાંધીનગર મુખ્યમંત્રીશ્રી ના હસ્તે પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવેલ છે.

→ સમસ્ત શ્રીગૌડ બ્રહ્મશ્રી આણંદના શ્રી પંકજભાઈ પુરોહિતના દિકરી કુ.દિશા એ ભારત સરકારના જળ સંસાધન વિભાગમાં કાર્યરત ઉચ્ચ અધિકારીઓ, વૈજ્ઞાનિકો અને ઈજનેરોના સંગઠન IWWA દ્વારા આયોજિત ૫૧મા રાષ્ટ્રીય અધિવેશનમાં પોતાનું શોધપત્ર રજૂ કર્યું. સમાજ તરફથી તેઓને અભિનંદન.

→ ડૉ.મનિષા પુરોહિતને ૨૬/૧/૨૦૧૯ ના રોજ નવી દિલ્હી ખાતે હિન્દ રત્ન થી સન્માનવામાં આવેલ છે.

→ ગોધરા નિવાસી શ્રી પ્રકાશભાઈ બિપિનચંદ્ર પાઠકના સુપુત્ર ચિ. અર્પિત વડોદરા નિવાસી શ્રી મુકુંદરાય પંડ્યાની સુપુત્રી ચિ. નમ્રતા સાથે તા. ૧૦-૧૨-૨૦૧૮ના રોજ લગ્નગ્રંથિથી જોડાયા છે.

→ વિરપુરના શુક્લ કારભારી પરિવારના મુકેશભાઈ શુક્લના પૌત્ર અને પિનાકીનભાઈ શુક્લના પુત્ર પૃથ્વીરાજના લગ્ન પ્રસંગે વાલ્મિકી સમાજ સહિત સર્વે જ્ઞાતિજનો ને ભોજન કરાવ્યું તથા જરૂરિયાત મંદોને વસ્ત્રદાન, ચંપલદાન, સ્વેટરદાન કરતા આવ્યા છે. સમાજ તરફથી અભિનંદન.

→ અમદાવાદ નિવાસી શ્રી દિપકભાઈ મધુસુદન શુક્લની સુપુત્રી ચિ. ધ્વની, શ્રી કિરિટભાઈ ભોગીલાલ પંડ્યાના સુપુત્ર ચિ. હર્ષકુમાર સાથે તા. ૧૦-૧૨-૨૦૧૮ના રોજ લગ્નગ્રંથિથી જોડાયા છે.

→ ગોધરા નિવાસી હાલ ગાંધીનગર શ્રી સંજયભાઈ કાલિદાસ શુક્લના સુપુત્ર ચિ. ઈશાન, આણંદ નિવાસી શ્રી ભારતભૂષણ ચંદ્રકાંત દવેની સુપુત્રી ચિ. દિજ્ઞા સાથે તા. ૧૩-૧૨-૨૦૧૮ના રોજ લગ્નગ્રંથિથી જોડાયા છે.

→ ખંભાત નિવાસી શ્રી કશ્યપભાઈ શુક્લના સુપુત્ર ચિ. પાર્થનાથ, આણંદ નિવાસી શ્રી ઉપેન્દ્રભાઈ ભટ્ટની સુપુત્રી ચિ. યેશા સાથે તા. ૨૯-૦૧-૨૦૧૯ના રોજ લગ્નગ્રંથિથી જોડાયા છે.

→ અમદાવાદ નિવાસી શ્રી મહેશભાઈ નટવરલાલ દેવના સુપુત્ર ચિ. મિરાત, મુંબઈ નિવાસી શ્રી મૃણાલભાઈ બાલકૃષ્ણ દવેની સુપુત્રી ચિ. મૈત્રેય સાથે તા. ૧૫-૦૨-૨૦૧૯ના રોજ લગ્નગ્રંથિથી જોડાયા છે.

→ ગાંધીનગર નિવાસી શ્રી જયંતકુમાર ગજેન્દ્રપ્રસાદ જોષીના સુપુત્ર ચિ. આર્જવ, વડોદરા નિવાસી શ્રી કિર્તિભાઈ પંડ્યાની સુપુત્રી ચિ. અવની સાથે તા. ૨૨-૦૨-૨૦૧૯ના રોજ લગ્નગ્રંથિથી જોડાયા છે.

---

તમારા કામની ટીકા થાય ત્યારે મન મોટું રાખી શીખવાનું રાખો. -આરતીબેન કે. પાઠક

→ ચિ. શાર્દૂલ હિતેશભાઈ ભટ્ટ (જટાશંકર અંબાલાલ ભટ્ટ ) ના પૌત્ર હાલ અમદાવાદ બી.ઈ.(આઈ.ટી.)નો અભ્યાસ પૂર્ણ કરી (પ્રોગ્રામર એનાલીસીસ્ટ) ના વધુ અભ્યાસ માટે ૫/૨/૧૯ ના રોજ કેનેડા ગયેલ છે.

→ ફ્રી રજીસ્ટ્રેશન : શ્રીગૌડ સમાજના યુવક-યુવતીઓ (ફ્રેશ/અનુભવી)ને નોકરી મેળવવા માટે અને ઉજ્જવળ ભવિષ્ય માટે ફ્રી રજીસ્ટ્રેશન કરાવો. email : nirav@kairosconsultancy.com OR M : 9925103114

---

### જાગૃતિ -મુખપત્રમાં જાહેરાતના દર નીચે મુજબ રહેશે :

| | |
|---|---|
| ટાઈટલ પેઈઝ | ૫૦૦૦/– |
| લાસ્ટ પેઈઝ | ૪૦૦૦/– |
| ફુલ પેઈઝ – ફોર કલર | ૩૦૦૦/– |
| હાફ પેઈઝ – ફોર કલર | ૨૦૦૦/– |
| ક્વાટર પેજ – ફોર કલર | ૧૦૦૦/– |
| ફુલ પેઈઝ – સીંગલ કલર | ૨૦૦૦/– |
| હાફ પેઈઝ – સીંગલ કલર | ૧૦૦૦/– |
| ક્વાટર પેજ – સીંગલ કલર | ૫૦૦/– |
| ધન્ય છે આ કુટુંબને | ૨૦૦૦/– |
| લગ્ન વિષયક | ૧૦૦૦/– |
| શુભેચ્છક તરીકે એક લાઈન | ૨૦૦/– |

---

# નારીશક્તિ

સર્જન છે ઈશ્વર નું ને, છે સર્જનનું જેને વરદાન,
સૃષ્ટિને ધબકતી રાખે છે, નારીનું આ અદ્‌ભૂત પ્રદાન.
ઊગે સૂરજ સમાજનો જ્યાં, દીકરીને કુળદીવડીનો મળે દરજ્જો,
ભેદભાદ વિનાનો ઉછેર હોય ને, પળાય ગર્ભનો મલાજો.
અખંડ અડીખમ અટલ અસ્તિત્વની, નારી જ ખરી પહેચાન,
વેલણ થી વહી થકી, પરિવારનું સંભાળે સફળ સુકાન.
નારી થકી જળવાય પરંપરા ને, થાય આમૂલ પરિવર્તન,
યુગોની વધે આવરદા જો, બદલાય દૃષ્ટિકોણ ને વર્તન.
નરના સહયોગ વિના અધુરી, નારાયણી ગરિમાની સભાનતા,
અર્ધનારીશ્વરને આદર આપી, સન્માનીયે સમજણ ને સમાનતા.

–મિનલ શુક્લ

---

ફરિયાદી નહીં પણ સમસ્યાને હલ કરનાર બનવાનું પસંદ કરો. -અંજનાબેન ટી. શુકલ

# સમસ્ત શ્રીગોડ સમાજ, ગુજરાત પ્રસ્તુત કરે છે
## “મીલેનીયમ મેકર્સ” ના સહયોગથી
# ફ્રી સેમિનાર ઓન કરિયર ગાઈડન્સ
## વેકેશન ના સમય નો સદુપયોગ

**વિષય તેમજ રુપરેખા...**

૧) આજ ના સમયની માંગ, ૨) ૨૧મી સદીમાં કંપનીઓને કેવા માણસો જોઈશે?, ૩) ધોરણ ૧૨ તેમજ ગ્રેજ્યુએશન પછી શું કરવું જોઈએ?, ૪) એમ્લોયેબલ થવા કઈ સ્કીલ્સની જરુર પડે?, ૫) નોકરીઓ તો છે માર્કેટમાં પણ અભિગમનો અભાવ, ૬) ઈન્ટર્વ્યુ કેવી રીતે ફેસ કરવું?, ૭) વ્યવસાયલક્ષી ભણતરની ઝાંખી

**વર્કશોપ ની ખાસિયત...**

(૧) તજજ્ઞ અને કુશળ ટ્રેનર્સ દ્વારા માર્ગદર્શન, (૨) અત્યાર ના સમયની માંગ પ્રમાણે ના વિષયો , (૩) ખૂબ જ પ્રેક્ટીકલ તથા લાઈવ સેશન

વર્કશોપ શુલ્ક રૂ. ૧૦૦/- છે, જે વર્કશોપ ના અંતે હાજર રહેલા તમામને પાછા આપવામા આવશે.

**વર્કશોપ માટેની લાયકાતઃ** ધોરણ ૧૨ પાસ/પરીક્ષા માં બેસેલા વિદ્યાર્થીઓ, ૧૦+૨ ડીપ્લોમાં/આઈ ટી આઈ, ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે ખાસ.

**સ્થળ : અમદાવાદ, તા. ૧૧-૦૫-૨૦૧૯ શનિવાર ના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાકે**

**સવાર નો નાસ્તો અને બપોરનુ ભોજન આપવા મા આવશે.**

**શુભેચ્છા સહ**

**કમલેશ પાઠક (પ્રમુખશ્રી, સમસ્ત શ્રીગૌડસ માજ, ગુજરાત)**

**રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો**

**દિગિશ દવે – ૮૫૧૧૧૮૪૧૮૪, રાહુલ શુકલ– ૯૪૨૭૫૯૦૧૯૦**

**રાજેશ પંડયા– ૯૯૯૮૭૧૬૫૭૭, જિગ્નેશ પંડિત – ૯૦૯૯૦૨૯૦૭૯**

**અથવા નિચેની માહિતી ઉપર ના મેમ્બેર્સ ને Whatsapp કરો.**

નામ : ..............................................................................

મોબઈલ : ..............................................................................

સરનામુ : ..............................................................................

અભ્યાસ : ..............................................................................

વર્કશોપમાં આવતા પહેલા રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

**નોધઃ આ વર્કશોપ નુ આયોજન ભવિષ્ય મા બરોડા અને સુરત મા પણ થશે જેની તારીખ અને સ્થળની જાણ કરવા મા આવશે.**

**અમદાવાદના સ્થળનું સરનામું સેમિનારના દસ દિવસ પહેલાં જણાવવામાં આવશે.**

---

**જિંદગી ક્યારેક એવા પાના પણ ઉથલાવે છે સાહેબ જે પાના આપણે જાણી જોઈને ફેરવી નાંખ્યા હોય છે.-ક્રિનાબેન એમ. શુકલ**

પ્રિ.ડો.બંસીધર ઉપાધ્યાયના પૌત્ર
ચિ.આર્ષ અલ્પેશકુમાર ઉપાધ્યાયની તા. ૧૧-૦૩-૨૦૧૯ના રોજ
જન્મદિવસ નિમિત્તે શ્રી સમાજને શુભેચ્છા સહ.



**સમાજ તરફથી ચિ. આર્ષને હાર્દિક શુભેચ્છાઓ**



**ચિ. આર્જવ અને ચિ. અવનીના**
લગ્ન નિમિત્તે શુભેચ્છા સહ
શ્રી જયંતભાઈ જી. જોષી અને પરાગિની જે. જોષી
તથા જોષી પરિવાર - ગાંધીનગર તરફથી


હસમુખ જોષી
M.A.,LL.B.
મેનેજિંગ ડાયરેક્ટર
ટ્રસ્ટ રજી. નં. ઈ-૭૨૮૩
AMC રજી.નં. PIEL ૪૧૬૨૩

ફોન : ૦૭૯-૨૬૬૦૪૧૩૪
મો. : ૯૮૭૯૭૯૪૧૩૪
૯૮૭૯૬૦૪૧૩૪

દિના જોષી
M.A.,LL.B.
મેનેજર

V.M.B.
Estd. 1995

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત
## વિધાતા મેરેજ બ્યુરો

૧૯૯૫ થી અભણ, ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ, ડીગ્રીધારક, મેડીકલ, એન્જિનિયરિંગના ઉચ્ચ શિક્ષિત ભારતના, વિદેશના એન.આર.આઈ. માટેના જીવનસાથી પાત્રો ૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર કમ્પ્યૂટરાઈઝ લગ્ન સંસ્થા

**૧૦, સેલર, વિજય કોમ્પલેક્ષ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.**
**સમય : ૧૦ થી ૮, રવિવારે ૧૦ થી ૧, જાહેર રજાએ ચાલુ.**
Website : www.vidhatamarriage.com, Email : contact@vidhatamarriage.com


ચિ. ઉદિત કલ્પેશ પાઠકને ગુજરાત સમાચાર
આઈ.એન.ટી. એકાંકી નાટ્યસ્પર્ધામાં અભિનયમાં
તૃતીય પારિતોષિક મેળવવા બદલ શુભેચ્છા સહ.



ડો. કલ્પેશ એચ. પાઠક - સોન્યા કલ્પેશ પાઠક - અદિત કલ્પેશ પાઠક



**Prof. Dr. Jalpa Yogesh Shukla** has been awarded degree of doctorate in English. She was guided by Dr Ramesh Chauhan in her research topic - **A Study of the methodology of teaching English as a Second Language at the First Year.** B.Sc. level of The Gujarat University of Ahmedabad District.

**ચિ. ઈશિત**
**અને**
**ચિ. આશા**
**ના લગ્ન પ્રસંગે**
**મહાશંકર હ. પાઠક**
**પરિવાર તરફથી**
**શુભેચ્છા સહ**



## શાર્દૂલ હિતેશભાઈ ભટ્ટ



(શ્રી જટાશંકર અંબાલાલ ભટ્ટ, લુણાવાડાના પૌત્ર, હાલ અમદાવાદ) બી.ઈ. (આઈ.ટી.) નો અભ્યાસ સફળતા પૂર્વક પૂર્ણ કરી વધુ અભ્યાસ અર્થે તા. ૦૫-૦૨-૨૦૧૯ના રોજ કેનેડા ગયેલ છે.

ચિ. ભાઈ શાર્દૂલને We are proud of you...!

ભટ્ટ પરિવાર તથા સમસ્ત જ્ઞાતિબંધુઓ તરફથી ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવીએ છીએ. કુળદેવીશ્રી મા મહાલક્ષ્મી મા, જ્ઞાતિબંધુ તથા વડિલોના આશીર્વાદ અને સૌની શુભકામનાથી ઉત્તરોત્તર સફળતાનાં શિખરો સર કરી જ્ઞાતિનું ગૌરવ વધારે એ જ શુભકામના.

Let God Bless You Shardulbhai to Achieve The Highest Peak of Success


SMIT PHARMACY
WE CARE YOUR SMILE

## સ્મિત ફાર્મસી
કલ્પેશભાઈ પાઠક

૧) ૧૮% ડીસ્કાઉન્ટ દવાઓ
૨) 30% ડીસ્કાઉન્ટ સર્જીકલ આઈટમોમાં (I/V Fluid સિવાય)
૩) ૫% ડીસ્કાઉન્ટ કોસ્મેટીક આઈટમોમાં (બેબી ફુડ સિવાય))
(રૂ. ૫૦૦/- થી ઉપરના બીલની રકમ પર)
**ફક્ત શ્રીબંધુ માટે**

GF-14, ગ્રાઉન્ડ ફ્લોર, જયદીપ ટાવર, આયોજન નગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
મો. +૯૧-૯૭૨૭૭૯૮૫૪૪, email : smitpharmacy@gmail.com

# શુભેચ્છક


# EMERALD DEVELOPERS

*You dream, We build*

Flats | Offices | Shops | Bungalows | Weekend Homes

105, 1st Floor, Emerald House, Choice Restaurant Lane,
Near Swastik Cross Road, CG Road, Navrangpura,
Ahmedabad - 9 Gujarat India

**M : +91-9909926568, 9925002100**


બુક-પોસ્ટ


**પ્રકાશક અને મુદ્રક :**

સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત વતી

## કમલેશ શિવશંકર પાઠક

સી-૨૧૨, દેવઓરમ, મારૂતિનંદન કાઠિયાવાડી હોટલની પાછળ,
આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદનગર રોડ, અમદાવાદ

M : +91-94265 11472, +91- 98244 06381

આજીવન સભ્ય ફી રૂ. ૨૦૧/- પતિ-પત્ની સાથે રૂ. ૩૦૧/-
પરદેશમાં રૂ. ૨૫૦૦/-


પ્રતિ